
# આ સ્ટુડન્ટ્સ સ્ટડી સાથે કનેક્ટેડ રહેવા મોબાઈલ ફોનથી રહે છે ડિસ્કનેક્ટેડ



**જનરેશન Y**

**આજકાલ તો બચ્ચાઓને ખવડાવવું હોય તો મમ્મીએ હાથમાં મોબાઇલ ફોન ઓન રાખવો પડે. સ્કૂલમાં ભણતા બાળકોના હાથમાં જેટલો સમય પુસ્તકો હોય એનાથી વધારે સમય તો મોબાઈલ ફોન હોય છે. બાળકોને આઉટડોર ગેમ રમતા સોસાયટીમાં જોવા મુશ્કેલ છે કેમકે તેઓ મોબાઈલ ફોનમાં ગેમ રમવામાં મશગુલ થઈ ગયા છે. સુરતની કેટલીક સ્કૂલો બાળકોની મોબાઈલ ફોનની લત છોડાવવા મોબાઇલ ફોન ઉપવાસ નવરાત્રી અને દિવાળી વેકેશનમાં 9 કે 21 દિવસના રખાવે છે તેવું પણ જોવા મળ્યું છે. નાના બાળકોને તો મમ્મી-પપ્પા ખખડાવીને પણ મોબાઈલ ફોનથી દુર કરી દે પણ 16થી 18 વર્ષના બાળકોને મોબાઈલ ફોનથી કઈ રીતે દૂર કરવા તેવો પ્રશ્ન ઘણા પેરેન્ટ્સને સતાવી રહ્યં છે. તે વચ્ચે તમને જાણીને નવાઈ લાગશે કે સુરતમાં એવા સ્ટુડન્ટ્સ પણ છે જેઓ સ્માર્ટ ફોનના જમાનામાં ફોનથી ડિસ્કનેટેડ રહે છે. 11માં અને 12માં ધોરણમાં ભણતા આ સ્ટુડન્ટ્સના કેમ સોશિયલ મીડિયા એકાઉન્ટ નથી, ફોન નહીં હોય તો તેઓને કોઈ અગવડ નથી પડતી, શું તેમને તેમના મિત્ર ફોન વસાવી લેવા માટે નથી કહેતા, શું તેમના પેરેન્ટ્સ તેમને ફોન નથી અપાવતા કે તેઓ જાતે જ ફોન વસાવવામાં રુચિ નથી ધરાવતા? ચાલો, તેમને મળીને જાણીએ...**







## ફ્રેન્ડ્સને બર્થડે વિશ કરવા પૂરતો મમ્મીનો ફોન લઉં:



11માં ધોરણની સ્ટુડન્ટ નિહારિકા ઉપાધ્યાય સ્કૂલની ટોપર છે. તેણે જણાવ્યું કે મને ફોનની કોઈ જરૂર જ નથી તો હું શું કામ મોબાઈલ ફોન વસાવું ! મારા મમ્મી પણ જોબ કરે છે પણ હું સ્કૂલેથી ઘરે પહોંચું ત્યાર સુધીમાં મમ્મી જોબ પરથી ઘરે આવી ગયા હોય છે. મારા ફ્રેન્ડ્સની બર્થડે હોય ત્યારે હું તેમને વિશ કરવા પૂરતો મમ્મીનો મોબાઈલ યુઝ કરું. જો સ્ટડી રિલેટેડ કાંઈક ગૂગલ પર સર્ચ કરવાનું હોય તો મારો કોલેજમાં ભણતો ભાઈ સર્ચ કરીને માહિતી પ્રોવાઇડ કરે. જોકે, સ્કૂલમાંથી સ્ટડી રિલેટેડ મટીરીયલ મળી જાય એટલે ગૂગલ પર સર્ચ કરવાની જરૂર પણ નથી પડતી. અમારી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ વંદનાબેન મને સ્ટડીને લગતા મટીરીયલ માટે હેલ્પ કરે. હું મોબાઈલ ફોનમાં મુવી જોઈને ટાઈમ વેસ્ટ કરવામાં નથી માનતી પણ હું ચેસ રમીને માઇન્ડ ફ્રેશ કરું છું. આજકાલ નાની નાની ખરીદી માટે મોબાઈલ ફોનથી ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવે છે એ સાચું પણ હું તો કેશથી પેમેન્ટ કરવામાં બિલિવ કરું છું. જોકે, જે કાંઈ ખરીદી કરવાની હોય તે મારા મમ્મી કરતા હોય છે એટલે મારે ખરીદી કરવા જવાનું નહીં થાય. કોવિડના સમયે સ્ટડી રિલેટેડ લિંક આવતી ત્યારે મમ્મીના ફોનથી ઓનલાઈન રહીને સ્ટડી કરતી એ સિવાય મેં ફોન યુઝ નથી કર્યો.

## કોચિંગ સેન્ટરના ફોનથી રિસેપ્શનિસ્ટ ઓટો બુક કરાવી આપે



જિનાંશ શાહ 12th સાયન્સમાં સ્ટડી કરે છે. તેણે જણાવ્યું કે મારી પાસે ઇમરજન્સી સિચ્યુએશન માટે કી-પેડ વાળો મોબાઈલ ફોન છે જે માત્ર કોલિંગ માટે યુઝ થાય અને તે પણ હાલ બરાબર કામ નથી કરતો. મને સ્માર્ટ ફોનમાં કોઈ ઇન્ટરેસ્ટ નથી એનાથી તો સ્ટડી પરથી ધ્યાન હટી શકે. જો સ્માર્ટ ફોન પાસે હશે તો તેમાં ખુંપી જવાનું મને થશે એના કરતા તેનાથી અળગા રહીએ તો પોતાની સાથે કનેક્ટેડ રહી શકાય. વોટ્સએપ કે સોશિયલ મીડિયામાં કશું જ ઇન્ટરેસ્ટિંગ નથી. મેં મારા ડેડી પાસે સ્માર્ટ ફોન માંગ્યો પણ નથી. જો મારે ઓટો બુક કરાવવી હોય તો કોચિંગ ક્લાસના ફોનથી ત્યાંના રીસેપ્શનિસ્ટ મને બુક કરાવી આપે. ફ્રેન્ડ્સ પાસે પણ આ રીતે ઓટો બુક કરાવું. હું એપલનો ફોન લઈશ પણ સ્ટડી કમ્પ્લીટ કર્યા બાદ મારા અર્નિંગના પૈસામાંથી લઈશ. હું માઇન્ડ ફ્રેશ કરવા ચેસ રમું. સ્ટડી રિલેટેડ PDF મમ્મીના ફોન પર આવે જે હું રેફરન્સ માટે જોઈ લઉં.

## ઇન્ડોર અને આઉટડોર ગેમ્સ રમીને માઇન્ડ ફ્રેશ કરું એટલે ફોનની જરૂર નથી



મંથન વરિયા 12માં ધોરણમાં અભ્યાસ કરે છે. મંથને જણાવ્યું કે મારું કોઈ સોશ્યલ મીડિયા એકાઉન્ટ નથી. મોબાઈલ ફોન યુઝ કરવાની ટેવ પડે તો સ્ટડી પરથી માઇન્ડ ડાયવર્ટ થાય એટલે હું મોબાઈલ ફોન યુઝ નથી કરતો. મિત્રો કહેતા હોય કે ફોન લઈ લે પણ મારો જવાબ હોય અભ્યાસ પૂર્ણ થયા બાદ મને જરૂર પડશે તો જ હું મોબાઈલ ફોન લઈશ અત્યારે મને તેની જરૂર નથી. કોઈ સ્ટડીને લગતી એપ માટે મારી મમ્મી મને તેના ફોન પરથી જરૂરી માહિતી લઈને આપે. માઇન્ડ ફ્રેશ રાખવા માટે ઇન્ડોર અને આઉટડોર ગેમ્સ રમું છું. હા,જ્યારે કોવિડનો સમય હતો ત્યારે ઓનલાઈન સ્ટડી માટે મમ્મીનો ફોન યુઝ કરતો હતો. હું સ્કૂલમાં રહું ત્યારે જ સ્કૂલ ફ્રેન્ડ્સ સાથે જરૂરી માહિતીની આપ-લે કરી લઉં છું એટલે ઘરે ગયા પછી કોઈ અગવડ નહીં પડે. ફોન વસાવી લેવા માટે મને ઓળખતા કેટલાંક લોકો કહેતા હોય પણ હું તે લેવા માટે જીદ્દ નથી કરતો.

## મિત્રો મોબાઈલ ફોન યુઝ કરવા કહેતા હોય પણ આંખો નથી બગાડવી



12માં ધોરણ કોમર્સના વિદ્યાર્થી જૈમીન પટેલે જણાવ્યું કે મારી પાસે પહેલાથી જ ફોન નથી અને મને ફોન લેવાની ઈચ્છા પણ નથી થતી. મોબાઈલ ફોન એક વખત હાથમાં આવે તો તેમાં ધ્યાન જતાં સ્ટડી પર ફોક્સ નહીં રહે. મારા ફ્રેન્ડ્સ મને કહેતા હોય છે કે તું મોબાઈલ ફોન વસાવી લે ત્યારે હું તેમને પ્રત્યુતરમાં કહેતો હોવ છું કે મોબાઈલ ફોન પર આંખો બગાડવી એના કરતાં એનાથી દૂર રહેવું સારું. મને સ્ટડી રિલેટેડ બધું જ મટીરીયલ હાથોહાથ મળી જાય છે. વળી, મારા Sir ડો. નિલેશ પટેલ પણ સ્ટડી મટીરીયલ પ્રોવાઇડ કરે છે. હું મોબાઈલ ફોન વસાવીશ પણ મારી સ્ટડી કમ્પ્લીટ થાય પછી. ક્યારેક કોઈ ફ્રેન્ડ પાસે અર્જન્ટ કામ હોય ત્યારે મમ્મીનો ફોન ફક્ત વાત કરવા માટે લઉં છું. મારા નાના ભાઈ પાસે પણ મોબાઈલ ફોન નથી.

# કંકોત્રી આપવાનો નવો ટ્રેન્ડ : ક્લોઝ રિલેટિવ્ઝને હોટેલ, ઘરે, ફાર્મ હાઉસમાં કરાય છે ભેગા

**રિશ્તે**

લગ્નની હરેક ક્ષણોને એન્જોય કરવા માટે હવે નવા નવા ટ્રેન્ડ આવે છે. આમ તો લગ્ન માટે ઇન્વાઈટ કરવા જે કંકોત્રીઓ અપાતી તે નજીકના લોકોને હાથોહાથ અને દૂર રહેતાં લોકોને પોસ્ટ કે કુરિયરથી પહોંચાડાતી. સમય જતાં ટેક્નોલોજી ઇન્ટ્રોડ્યુસ થતાં ઇ-ઇન્વિટેશનનો ટ્રેન્ડ આવ્યો. જે ખર્ચા અને સમય બચાવવાની દૃષ્ટીએ ફાયદાકારક રહ્યો. હવે બધાને જ કંકોત્રી આપવાનો રિવાજ નથી રહ્યો તે નજીકના સંબંધીઓ સુધી સીમિત થયો છે. કંકોત્રી પાછળ હવે ખર્ચ ઓછો થયો છે એવું નથી. હવે તો બોક્સ ટાઇપની સુંદર રીતે ડેકોરેટ કરેલી કંકોત્રી આપવામાં આવે છે પણ નજીકના સંબંધીઓને પણ કંકોત્રી આપવા જવાનું હોય તો દૂર દૂર ફેલાયેલા સંબંધી સુધી જવામાં સમય વધારે જાય એટલે હવે એકજ સમયમાં કંકોત્રી નજીકના રિલેટિવ્ઝ સુધી પહોંચાડવાનો નવો ટ્રેન્ડ આવ્યો છે. તે શું છે, કેમ કંકોત્રી આપવાની પ્રથા હવે હોટેલ કે ફાર્મ હાઉસમાં થાય છે, તેના વિશે જાણીએ.........



## કંકોત્રી સાથે પાનનું બીડું આપવાની પ્રથા

હવે લગ્નની કંકોત્રી સાથે જ પાનનું બીડું આપવાની પ્રથા સચવાય છે. જ્યારે વરપક્ષ તરફના કન્યાપક્ષને ત્યાં કંકોત્રી આપવા જાય ત્યારે સાથે પાનનું બીડું લઈ જાય જેમાં અમુક ચોક્કસ રકમ મુકવામાં આવતી હોય છે. છોકરાના ફુવા આ પાનનું બીડું કન્યા પક્ષને આપે ત્યારે કન્યા પક્ષના તે બીડામાં જેટલા પૈસા હોય તેના ડબલ પૈસા મૂકે અને વરના ફુવાને આપે, જેના પર હક્ક જમાઈ અને તેના ફૂવાનો હોય. જ્યારે કન્યાપક્ષના વરપક્ષને ત્યાં કંકોત્રી આપવા જાય ત્યારે તેઓ પણ પાનનું બીડું મૂકે અને તે વર પક્ષનાને અપાય અને સરખો રિવાજ ફોલો કરવામાં આવે છે.

## હોટેલમાં બંને પક્ષ ક્લોઝ રિલેટિવ્ઝને ભેગા કરી કંકોત્રી અપાઈ





રોહિતભાઈ મહેતાએ જણાવ્યું કે મારી ભાણેજ નિશીના લગ્ન ચૈતન્ય શાહ સાથે થવાના છે. હવે જો ઘરે ઘરે કંકોત્રી આપવા જાઓ તો સમય વધારે જાય એટલે બહુ ક્લોઝ રિલેટિવ્ઝ જેમાં બંને પક્ષના મામા-મામી, માસા -માસી, ફોઈ-ફુવા હોટેલમાં ભેગા થયા અને ત્યાં બંને પક્ષનાએ રિલેટિવ્ઝને કંકોત્રી આપી લગ્ન પ્રસંગે ઇન્વાઈટ કરી ભોજન સમારોહ કરાયો. રોહિતભાઈએ જણાવ્યું કે પહેલાં જોઈન્ટ ફેમિલી હતી, લોકો પાસે સમય હતો એટલે કંકોત્રી ઘરે ઘરે ફરીને આપવા જવાની જવાબદારી વહેંચી લેવાતી. હવે સમયના અભાવને કારણે બંને પક્ષના કોઈ એક વેન્યુ નક્કી કરી ત્યાં ભેગા થઇ અને કંકોત્રી આપી લગ્નમાં આવવા ઇન્વાઈટ કરે છે. એને કારણે હવે કંકોત્રી આપવાની પ્રથા ત્રણ-ચાર કલાકમાં સચવાઈ જાય છે અને સમય પણ બચી જાય છે.

## કન્યાના ઘરના ઉંબરે કકુંવાળા ચોખા વધેરી નોતરૂં બોલીને કંકોત્રી આપવામાં આવી



ચેતનભાઈ ધરમચંદવાળાએ જણાવ્યું કે હવે કન્યા અને વર બંને પક્ષના એકબીજાને ઘરે કંકોત્રી આપવા જાય. ત્યારે બંનેના પરિવારના અને મામા, કાકા, ફુવા સહિત 10થી 15 જણ સાથે મળીને જતાં હોય. મારા સાળાના દિકરા વિશાલના લગ્નની કંકોત્રી મેં વેવાઈના ઘરના ઉંબરે કંકુવાળા ચોખા વધેરી વેવાઈના હાથમાં કંકોત્રી આપતી વેળા લગ્ન પ્રસંગે આવવાનું નોતરું બોલીને આપ્યું હતું. ત્યારે કન્યાના પણ ફુવા, મામા,માસા હાજર હતાં. નજીકના સંબંધીઓને હવે ભેગા કરીને કંકોત્રી રૂબરૂમાં આપવાથી ઘરે ઘરે જઈને કંકોત્રી આપવાનો સમય બચાવાય છે. આવા સમયે નાનકડો ભોજન સમારોહ થાય અને ગેટ ટુ ગેધર જેવું થાય છે.




## કલરફુલ લાઇટિંગવાળી ડેકોરેટિવ બાસ્કેટમાં અપાય છે કંકોત્રી


કન્યા પક્ષ અને વર પક્ષના એકબીજાને ઘરે કંકોત્રી આપવા જાય ત્યારે તે કંકોત્રી ડેકોરેટિવ બાસ્કેટમાં સુંદર રીતે સજાવીને મુકવામાં આવી હોય છે. બોહો સ્ટાઇલમાં સજાવવમાં આવેલા બાસ્કેટને કલરફુલ લાઇટિંગથી અટ્રેક્ટિવ બનાવાય છે. આ બાસ્કેટમાં કંકોત્રી, દુલ્હા-દુલ્હનનો એક ફોટો, ચોકલેટ્સ, ફ્લાવર્સ અને પાનનું બીડું હોય.

**મેરી સુરત ટેઢી આંખે**

**ગજેન્દ્ર મજીઠિયા**

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## પોંક નથી અને બને છે જુવારનાં વડાં, છતાં પણ અમે લગાડીશું લાઈનો ખાવા 'પોંકવડાં'...




એક સમયે વખણાતો હતો સુરતનો પોંક, પણ હવે જોવા નથી મળતો મોઢામાં મૂકતા ઓગળે એવો પોંક... ઠંડી પડે અને લીલો પોંક આવે પણ હવે થાય છે માવઠા આવે અને જુવાર લાવે... લીલો પોંક નાંખીને બનતા અગાઉ પોંકવડાં, પણ હવે ખાવા પડી રહ્યા છે જુવારવડાં... સુરતીઓ લગાડે છે લાઈનો ખાવા પોંકવડાં અને પોંકપેટિસ, પરંતુ હવે ચાલી રહી છે ખમણથી વડાં અને પેટિસ બનાવવાની પ્રેક્ટિસ... ટેસ્ટ હતો જે આંધળીવાનીના પોંકનો, ગાયબ થઈ રહ્યો છે તેવો પોંક, સુરતની ઓળખનો...